પેજ3

## કાન્સમાં ગેરહાજરીની અટકળો વચ્ચે આખરે ઐશ્વર્યા પુત્રી આરાધ્યા સાથે ત્યાં પહોંચી



કાન્સ, તા. 22 . અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન શુક્રવારે કાન્સમાં તેની ગેરહાજરી અંગે ચર્ચાનું કેન્દ્ર બનેલી હોટેલ માર્ટિનેઝ પર પોતાની પુત્રી આરાધ્યા સાથે પહોંચી હતી, શુક્રવારે સામે આવેલા એક વીડિયોમાં અભિનેત્રી તેની પુત્રી આરાધ્યા સાથે કાન્સ રેડ કાર્પેટ પર હાજરી પહેલા ફ્રેન્ચ રિવેરા પરની હોટેલમાં પહોંચી છે. આ વર્ષે ફેસ્ટિવલમાં તેની હાજરી અંગે ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળો બાદ તેનું આગમન થયું છે. હોટેલ માર્ટિનેઝમાં પ્રદર્શિત પોસ્ટરોમાં તેની ગેરહાજરીને કારણે ઓનલાઈન પ્રશ્નો ઉભા થયા હતા કે શું તેને બાકાત રાખવામાં આવી છે.

## કરિશ્મા તન્નાએ સાદગીથી ખોળો ભર્યો; દંપતી અને મિત્રોએ મહાદેવની સ્તુતિ કરી હતી



મુંબઇ, તા. 22 : અભિનેત્રી કરિશ્મા તન્ના અને તેના પતિ વરુણ બાંગેરા માતા-પિતા બનવા માટે તૈયાર છે. તાજેતરમાં, આ દંપતીએ ખોળો ભરવાના સમારોહની કેટલીક સુંદર ઝલક શેર કરી. નજીકના પરિવારના સભ્યો, પરંપરાગત ધાર્મિક વિધિઓ અને આશીર્વાદોથી ઘેરાયેલા, ભાવિ માતા-પિતા આ ખાસ પ્રસંગની ઉજવણી કરવામાં ખૂબ જ ખુશ દેખાતા હતા. જોકે, કરિશ્મા અને તેના પતિએ ઠાઠમાઠ અને દેખાડો છોડીને ભક્તિમાં ડૂબી જવાનું પસંદ કર્યું. બંનેએ ઘરે મહાદેવના ગીતો સાંભળ્યા. આ માટે, તેઓએ એક બેન્ડ ભાડે રાખ્યું હતું. કરિશ્મા કોરિયોગ્રાફર ટેરેન્સ લુઇસ સહિત તન્નાના ઘણા મિત્રો પણ ભક્તિ ગીતો ગાતા જોવા મળ્યા.

## કમલ હાસને પીએમ મોદીની ઊર્જા બચત અપીલને સમર્થન આપતો વીડિયો શેર કર્યો



નવી દિલ્હી, તા. 22 : અભિનેતા-રાજકારણી કમલ હાસને ચાર મિનિટનો વિડીયો ઓનલાઈન શેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઊર્જા બચાવવાના આહ્વાનને સમર્થન આપ્યું છે. તેણે કહ્યું કે વૈશ્વિક તણાવ તેલના ભાવમાં વધારો કરે છે અને દરિયાઈ વેપાર માર્ગોને અવરોધે છે ત્યારે રાષ્ટ્રીય જવાબદારી પક્ષીય રાજકારણથી ઉપર ઉઠવી જોઈએ. શુક્રવારે પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં, અભિનેતા અને રાજ્યસભા સાંસદે કહ્યું કે આ સંયમ અને સહિયારી જવાબદારીની ક્ષણ છે. તેણે એમ પણ કહ્યું કે નેતાઓએ ભાર વહેંચવો જોઈએ, આજે બચાવેલ દરેક ઊર્જા આવતીકાલે ભારતને મજબૂત બનાવશે અને બચાવેલ દરેક તેલ ટીપું ગરીબ ભારતીયને ફુગાવાથી બચાવશે.

## જુહી ચાવલાનો પુત્ર અર્જુન મહેતા કોલંબિયા યુનિવર્સિટીમાંથી સ્નાતક થયો



ન્યૂયોર્ક, તા. 22 : અભિનેત્રી જુહી ચાવલા તેના પરિવારમાં વધુ એક સિદ્ધિનો આનંદ માણી રહી છે. પુત્રી જહાન્વી મહેતાએ 2023માં કોલંબિયા યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા પછી, જુહીનો પુત્ર અર્જુન પણ એ સંસ્થામાંથી જ સ્નાતક થયો છે. જુહીએ ઇન્સ્ટાગ્રામ પર ન્યૂ યોર્કમાં અર્જુનના ગ્રેજ્યુએશન સમારોહનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેનો પુત્ર આછા વાદળી રંગનો કોલંબિયા યુનિવર્સિટી ગ્રેજ્યુએટ ગાઉન, કેપ અને ડાર્ક ટાઇ પહેરીને તાળીઓના ગડગડાટ વચ્ચે સ્ટેજ તરફ જતો જણાય છે. આ ક્ષણને ઓનલાઈન શેર કરતા, જુહી ચાવલાએ વિડીયોને કેપ્શન આપ્યું, 'કોલંબિયાથી ગ્રેજ્યુએશનનું ગર્વ'.

# ત્વિશા શર્મા અપમૃત્યુ કેસમાં પતિની શરણાગતિ પછી ધરપકડ

**પોતે** વકીલ એવા સમર્થ સિંહ આગોતરા જામીન અરજી પાછી ખેંચીને જાતે પોલીસ સમક્ષ હાજર થયો

**ત્વિશાના** નિવૃત જજ સાસુને નિવેદન નોંધાવવા હાજર થવા પોલીસની ત્રીજી નોટિસ



જબલપુર(મ.પ્ર.), તા. ૨૨(પીટીઆઈ): જબલપુર પોલીસે શુક્રવારે ત્વિશા શર્માના કથિત દહેજ મૃત્યુ કેસના આરોપી સમર્થ સિંહને તે અહીંની જિલ્લા અદાલતમાં આત્મસમર્પણ કરવા પહોંચ્યા બાદ પોતાની કસ્ટડીમાં લીધો હતો, તેમ તેમના વકીલે જણાવ્યું હતું. તેના વકીલ જયદીપ કૌરવે જણાવ્યું કે, તેને નજીકના ઓમતી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો અને ભોપાલ પોલીસને સોંપવામાં આવશે. સમર્થ સિંહ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં દાખલ કરાયેલી તેમની આગોતરા જામીન અરજી પરત ખેંચ્યા બાદ આત્મસમર્પણ કરવાના ઈરાદા સાથે સાંજે જિલ્લા અદાલતમાં પહોંચ્યા હતા. વ્યવસાયે વકીલ એવો સિંહ, ૧૨ મેના રોજ ત્વિશા શર્માના અવસાન બાદ તેમની અને તેની માતા, પૂર્વ જિલ્લા ન્યાયાધીશ ગિરીબાલા સિંહ સામે એફઆઈઆર નોંધાયા ત્યારથી ધરપકડથી બચી રહ્યો હતો.

### ત્વિશા અપમૃત્યુનો કેસ સીબીઆઇને સોંપવાની મધ્યપ્રદેશ સરકારની દરખાસ્ત

ત્વિશા શર્મા અપમૃત્યુ કેસની તપાસ સીબીઆઇને સોંપવા માટે મધ્ય પ્રદેશ સરકારે દરખાસ્ત મૂકી છે. આ માટે ગૃહ વિભાગના સચિવ દ્વારા એક જાહેરનામુ પણ જારી કરવામાં આવ્યું છે એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આ હાઇ પ્રોફાઇલ કેસમાં શુક્રવારે ઝડપથી બનેલા ઘટના ક્રમોમાં મધ્ય પ્રદેશ હાઇકોર્ટે ત્વિશાનું બીજુ પોસ્ટમોર્ટમ એઇમ્સ દિલ્હીના ડોક્ટરોની ખાસ ટીમ દ્વારા કરાવવાની મંજૂરી આપી હતી. બીજી બાજુ, ત્વિશાના સાસુ એવા નિવૃત જજ ગિરીબાલા સિંહને નિવેદન નોંધાવવા માટે હાજર થવા પોલીસે આજે ત્રીજી અને અંતિમ નોટિસ જારી કરી હતી.

# પાકિસ્તાન, બાંગ્લાદેશ સાથેની સરહદ સ્માર્ટ બનાવાશે

**ટેક્નોલોજી** આધારિત સ્માર્ટ બોર્ડર પ્રોજેક્ટ શરૂ કરાશે

**સરહદને** અભેદ બનાવવા ડ્રોન, રડાર, સ્માર્ટ કેમેરાઓ વગેરેનો ઉપયોગ કરાશે

નવી દિલ્હી, તા. ૨૨(પીટીઆઈ): કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે, સરકાર આગામી વર્ષ સુધીમાં ટેક્નોલોજી આધારિત સ્માર્ટ બોર્ડર પ્રોજેક્ટ શરૂ કરશે જેથી પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથેની ૬,૦૦૦ કિલોમીટર લાંબી સરહદોને અભેદ્ય બનાવી શકાય અને દેશની વસ્તીવિષયક સ્થિતિ બદલવાના ષડયંત્રને નિષ્ફળ બનાવી શકાય.

બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) દ્વારા આયોજિત વાર્ષિક રુસ્તમજી મેમોરિયલ લેક્ચરમાં વક્તવ્ય આપતા મંત્રીએ એ વાતનો પણ પુનરોચ્ચાર કર્યો હતો કે સરકાર દરેક ઘૂસણખોરને શોધી કાઢશે અને તેમને ભારતની બહાર મોકલશે. કે. એફ. રુસ્તમજી બીએસએફના સ્થાપક અને પ્રથમ ડાયરેક્ટર જનરલ હતા. બીએસએફ આશરે ૨.૭૦ લાખ જવાનો સાથે વિશ્વનું સૌથી મોટું સરહદ સુરક્ષા દળ છે, જેને પશ્ચિમમાં પાકિસ્તાન અને પૂર્વમાં બાંગ્લાદેશ સાથેની ભારતની સરહદોની સુરક્ષા કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

### હરાજીમાં બે યુબારી તરબૂચને રેકોર્ડ 5.8 મિલિયન યેન મળ્યા




જાપાનના સપ્પોરોમાં યોજાયેલી આ સિઝનની પહેલી હરાજીમાં બે યુબારી તરબૂચના બોક્સને રેકોર્ડ 5.8 મિલિયન યેનનો ભાવ મળ્યો. વિજેતા બોલી હોક્કાઇડોના કુશિરો શહેરમાં સ્થિત ફળ અને શાકભાજીના જથ્થાબંધ વેપારી કુટામી-સીકા તરફથી આવી હતી.સપ્પોરો સેન્ટ્રલ હોલસેલ માર્કેટમાં દિવસની હરાજીમાં કુલ 912 યુબારી તરબૂચ વેચાયા. તસવીરમાં હરાજીમાં રેકોર્ડ કિંમત મેળવનાર યુબારી તરબૂચ સાથે તેનો ખેડૂત કોઈચી ઓકુબો જોવા મળે છે.

# ટ્રમ્પની પોલેન્ડમાં 5000 સૈનિકો મોકલવાની જાહેરાતથી નાટોમાં આશ્ચર્ય

**અમેરિકી** પ્રમુખે થોડા દિવસ પરથી યુરોપમાંથી આટલા જ સૈનિકો ખેંચી લીધા હતા અને હવે પાછા મોકલી રહ્યા છે!

હેલસિંગબોર્ગ (સ્વીડન), તા.૨૨(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોલેન્ડમાં ૫,૦૦૦ અમેરિકન સૈનિકો મોકલવાની જાહેરાત કરતા નાટો સહયોગીઓ અને સંરક્ષણ અધિકારીઓએ શુક્રવારે ભારે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ખાસ વાત એ છે કે આ જાહેરાત ટ્રમ્પ દ્વારા યુરોપમાંથી આટલી જ સંખ્યામાં સૈનિકો પાછા ખેંચવાના આદેશના ગણતરીના અઠવાડિયા બાદ જ કરવામાં આવી છે.

ટ્રમ્પ અને તેમના વહીવટીતંત્ર દ્વારા યુરોપમાં અમેરિકન સૈન્યની હાજરી વધારવાને બદલે ઘટાડવા અંગે અઠવાડિયાઓ સુધી આપવામાં આવેલા નિવેદનો બાદ આ અણધાર્યો ફેરફાર જોવા મળ્યો છે. ટ્રમ્પના અગાઉના આદેશે લશ્કરી કમાન્ડરોમાં ભારે દોડધામ મચાવી દીધી હતી.

આ સાથે જ, યુરોપની સુરક્ષા પ્રત્યે અમેરિકાની પ્રતિબદ્ધતા પર પહેલેથી જ શંકા સેવતા સહયોગી દેશો એ વિચારવા મજબૂર બન્યા હતા કે રશિયા અને યુક્રેનની સરહદે આવેલા નાટોના પૂર્વીય મોરચા પર સુરક્ષા જાળવી રાખવા માટે તેમણે કયા સૈન્ય દળો તૈનાત કરવા પડશે.

આ મહિનાની શરૂઆતમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે તેઓ યુરોપમાં સૈનિકોની સંખ્યામાં આશરે ૫,૦૦૦નો ઘટાડો કરી રહ્યા છે, અને અમેરિકન અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે લગભગ ૪,૦૦૦ સૈનિકો હવે પોલેન્ડમાં તૈનાત થવાના નથી.

આ ઉપરાંત, લાંબી રેન્જની મિસાઈલો છોડવા માટે પ્રશિક્ષિત અમેરિકન સૈન્ય કર્મચારીઓને જર્મની મોકલવાનું કામ પણ રોકી દેવામાં આવ્યું હતું. પરંતુ ગુરુવારે 'ટ્રુથ સોશિયલ' પરની એક પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ પોલેન્ડના પ્રમુખ કેરોલ નાવરોસ્કી સાથેના તેમના મજબૂત સંબંધોને ધ્યાનમાં લઈને પોલેન્ડમાં વધારાના ૫,૦૦૦ સૈનિકો મોકલશે. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે ગયા વર્ષની ચૂંટણીમાં નાવરોસ્કીને પોતાનું સમર્થન આપ્યું હતું. સ્વીડનના વિદેશ પ્રધાન મારિયા માલ્મર સ્ટેનરગાર્ડે શુક્રવારે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, આ ખરેખર મૂંઝવણભર્યું છે અને આ સ્થિતિને સમજવી હંમેશા સરળ હોતી નથી. તેઓ નાટોના સમકક્ષ વિદેશ પ્રધાનોની એક બેઠકની યજમાની કરી રહ્યા હતા, જેમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો પણ સામેલ હતા.



» જાપાનના ટોક્યોમાં આયોજીત સમર ગ્રાન્ડ સુમો ટુર્નામેન્ટમાં મોંગોલિયાના ઓઝેકી કિરીશિમાએ શુક્રવારે સમર ગ્રાન્ડ સુમો ટુર્નામેન્ટમાં સંયુક્ત લીડર અને નંબર 13 મેગાશિરા કોટોઇહોને રિંગમાંથી બહાર ફેંકી યાદગાર વિજય મેળNbrને બે દિવસ બાકી રહેતાં સંપૂર્ણ લીડ પાછી મેળવી.

### અમેરિકામાં ઇબોલા નિયંત્રણોનો કડક અમલ

# કોંગોનો મુસાફર હોવાથી અમેરિકા આવતી ફ્લાઈટ મોન્ટ્રિયલ વાળી દેવાઇ

**હાલ** કોંગોમાં ઇબોલા વાયરસનો રોગચાળો ચાલતો હોવાથી ત્યાંના મુસાફરો પર અમેરિકામાં પ્રવેશ નિયંત્રણો છે

**કોંગોથી** આવતા મુસાફરોએ વોશિંગ્ટનમાં સ્ક્રિનિંગ કરાવીને જ અમેરિકામાં પ્રવેશવું ફરજિયાત છે, આ ફ્લાઇટ સીધી ડેટ્રોઇટ આવતી હતી

ટોરોન્ટો, ૨૨ મે (એપી) અમેરિકાના કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન વિભાગે જણાવ્યું હતું કે, ઈબોલા ફાટી નીકળવાના કારણે લાદવામાં આવેલા ફ્લાઈટ પ્રતિબંધો વચ્ચે કોંગોનો એક મુસાફર ભૂલથી પેરિસથી ફ્લાઈટમાં સવાર થઈ જતાં, ડેટ્રોઈટ જઈ રહેલા એર ફ્રાન્સના એક વિમાનને મોન્ટ્રીયલ તરફ વાળવામાં આવ્યું હતું.

એજન્સીના પ્રવક્તાએ ગુરુવારે જણાવ્યું હતું કે, ઈબોલા વાયરસના ફેલાવાના જોખમને ઘટાડવા માટે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રવેશ પ્રતિબંધોને કારણે તે મુસાફર બુધવારે પ્લેનમાં સવાર થવો જોઈતો નહોતો. પ્રવક્તાએ એક ઈમેલમાં જણાવ્યું હતું કે, અધિકારીઓએ નિર્ણાયક પગલાં લીધાં અને તે મુસાફરને લઈને આવી રહેલી ફ્લાઈટને ડેટ્રોઈટ મેટ્રોપોલિટન વેઈન કાઉન્ટી એરપોર્ટ પર ઉતરવાની મનાઈ ફરમાવી હતી, અને તેના બદલે તેને મોન્ટ્રીયલ, કેનેડા તરફ વાળી દેવામાં આવી હતી.

એર ફ્રાન્સના જણાવ્યા અનુસાર, નવા નિયમો હેઠળ કોંગો સહિતના કેટલાક દેશોના મુસાફરો માત્ર વોશિંગ્ટન થઈને જ અમેરિકામાં પ્રવેશી શકે છે, જેના કારણે તે કોંગોના મુસાફરને અમેરિકામાં પ્રવેશવાની ના પાડી દેવામાં આવી હતી. અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ પણ જણાવ્યું હતું કે, ગુરુવારથી અગાઉના ૨૧ દિવસમાં કોંગો, યુગાન્ડા કે દક્ષિણ સુદાનમાં રહેલા તમામ અમેરિકી નાગરિકો અને કાયમી વસવાટ ધરાવતા લોકો કે જેઓ અમેરિકા આવી રહ્યા છે, તેમણે સઘન સ્ક્રીનિંગ માટે માત્ર વોશિંગ્ટન ડલ્લાસ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી જ પ્રવેશ કરવો પડશે. ક્યુરીએ ઉમેર્યું કે, મોન્ટ્રીયલના જાહેર આરોગ્ય અધિકારીએ તે મુસાફરની તપાસ કરી હતી અને તેનામાં ઈબોલાના કોઈ લક્ષણો જોવા મળ્યા નહોતા. તેમણે જણાવ્યું કે તે મુસાફર પાછો પેરિસ ઉડી ગયો છે. ક્યુરીએ એક ઈમેલમાં જણાવ્યું હતું કે, એર ફ્રાન્સની ફ્લાઈટ AFR378 બાકીના તમામ મુસાફરો સાથે તેના મૂળ ગંતવ્ય સ્થાન ડેટ્રોઈટ તરફ આગળ વધી ગઈ હતી.

# હોન્ડુરાસમાં ગોળીબારના બે બનાવોમાં ૨૫નાં મોત

**બંને** હુમલાઓ ટાર્ગેટ હત્યાઓના બનાવો જણાય છે

**પહેલા** હુમલામાં સંભવિત ખેતી વિવાદમાં ૧૯ મજૂરોને મારી નંખાયા, બીજા હુમલામાં એન્ટી ગેંગ પોલીસ પાર્ટીને નિશાન બનાવાઇ

તેગુસિગાલ્પા (હોન્ડુરાસ), ૨૨(એપી): સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે બંદૂકધારીઓએ ગુરુવારે હોન્ડુરાસના દરિયાકાંઠાના વિસ્તારમાં બે અલગ-અલગ હુમલાઓમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો, જેમાં છ પોલીસ અધિકારીઓ સહિત ઓછામાં ઓછા ૨૫ લોકોનાં મોત થયા છે.

પબ્લિક પ્રોસિક્યુટર ઓફિસના પ્રવક્તા યુરી મોરાના જણાવ્યા અનુસાર, પ્રથમ ઘટના ઉત્તરી હોન્ડુરાસના ટ્રુજિલો મ્યુનિસિપાલિટીમાં એક પ્લાન્ટેશન (વાવેતર વિસ્તાર) પર બની હતી, જ્યાં ઓછામાં ઓછા ૧૯ મજૂરોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કુદરતી સંસાધનોથી સમૃદ્ધ આ પ્રદેશ દાયકાઓ જૂના કૃષિ સંઘર્ષનું કેન્દ્ર રહ્યો છે. 'ઈન્ટર-અમેરિકન કમિશન ઓન હ્યુમન રાઈટ્સ' દ્વારા અગાઉ આ ક્ષેત્રના કેટલાક એવા કાર્યકરો માટે અગમચેતીના પગલાં/સુરક્ષા નિર્દેશો જાહેર કરવામાં આવ્યા હતા, જેમને પર્યાવરણ અને જમીનના અધિકારોના રક્ષણ માટે કામ કરવા બદલ ધમકીઓ, દેખરેખ અને ડરાવવાનો સામનો કરવો પડ્યો હતો.

વર્ષ ૨૦૨૪માં પર્યાવરણવાદી નેતા જુઆન લોપેઝની હત્યાએ હોન્ડુરાસના આ અત્યંત સૈન્યીકૃત વિસ્તારમાં કુદરતી સંસાધનોનું રક્ષણ કરવાના જોખમોને રેખાંકિત કર્યા હતા. બિન-સરકારી સંસ્થા 'ગ્લોબલ વિટનેસ' અનુસાર, મધ્ય અમેરિકાનો આ દેશ પર્યાવરણવાદીઓ માટે નિયમિતપણે સૌથી ખતરનાક દેશોમાંનો એક રહ્યો છે, જ્યાં ૨૦૨૪માં પાંચ અને તેના આગલા વર્ષે ૧૮ પર્યાવરણવાદીઓની હત્યા કરવામાં આવી હતી. તાજેતરમાં લોપેઝની હત્યાનું કાવતરું ઘડવા બદલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જે આરોપીઓ માટે ખુલ્લી છૂટછાટો ધરાવતા આ દેશમાં ન્યાયની એક દુર્લભ ઝલક સમાન છે.

# NCERT પુસ્તક વિવાદ: ૩ શિક્ષણવિદો અંગેનો પોતાનો ચુકાદો સુપ્રીમે સુધાર્યો

**ધોરણ-૮ના** સમાજ વિજ્ઞાનના પુસ્તકમાં ન્યાય તંત્રમાં ભ્રષ્ટાચાર અંગેના પાઠ પર ભારે વિવાદ થયો હતો

**આ** પાઠ તૈયાર કરનાર ત્રણ શિક્ષણવિદો સાથે ભવિષ્ઠમાં કામ નહીં કરવા કોર્ટે સરકારને જણાવ્યું હતું, જો કે આ આદેશ હવે રદ કર્યો

**આ** ત્રણ શિક્ષણવિદોની રજૂઆત સાંભળ્યા પછી તેમની સામે પોતે કરેલી ટીકાઓ પણ રદ કરી

નવી દિલ્હી, તા. ૨૨(PTI): સુપ્રીમ કોર્ટે શુક્રવારે તેના ૧૧ માર્ચના આદેશમાં સુધારો કર્યો છે, જેમાં કેન્દ્ર, રાજ્યો અને અન્ય પક્ષકારોને ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અંગેની વાંધાજનક સામગ્રી ધરાવતા NCERT પુસ્તકના પ્રકરણ પરના વિવાદ બાદ ત્રણ શિક્ષણવિદોથી અલગ થવા નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ત્રણ શિક્ષણવિદો દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટતા પર વિચાર કર્યા પછી, સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, જાહેર યુનિવર્સિટીઓ અને કેન્દ્ર અથવા રાજ્ય સરકારો પાસેથી ભંડોળ મેળવતી સંસ્થાઓ માટે આ મુદ્દે ૧૧ માર્ચના આદેશમાં કરાયેલી ટિપ્પણીઓથી પ્રભાવિત થયા વિના સ્વતંત્ર નિર્ણય લેવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે ૧૧ માર્ચના આદેશનો એ ભાગ પણ પાછો ખેંચી લીધો છે જેમાં નોંધવામાં આવ્યું હતું કે ત્રણ શિક્ષણવિદો – પ્રોફેસર મિશેલ ડેનિનો, સુપર્ણા દિવાકર અને આલોક પ્રસન્ના કુમારે – ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ સમક્ષ ભારતીય ન્યાયતંત્રની નકારાત્મક છબી રજૂ કરવા માટે જાણીજોઈને અને સમજીવિચારીને તથ્યોને ખોટી રીતે રજૂ કર્યા હતા.